# જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ પ્રવેશોત્સવમાં ૨૮૨ ખેલાડીઓને પ્રવેશ અપાયો

ગાંધીનગર, તા. ૨૦

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત રાજ્ય અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સંચાલીત જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજનામાં ખેલાડીઓને પ્રવેશ આપવા માટે કાઉન્સેલીંગ કાર્યક્રમનું આયોજન ટાઉનહોલ, સે. ૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૮૨ ખેલાડી ભાઈઓ-બહેનોને જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત પ્રવેશ આપવામાં આવ્યો હતો.






આ કાર્યક્રમમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ સંદિપ પ્રધાન, સચિવ ડી.ડી. કાપડીયા, ચીફ કોચ પરેશ પટેલ, ડાયરેકટર ડી.એલ. એસ.એસ. એલ.પી. બારીયા, ગાંધીનગર જિલ્લાના સિનિયર કોચ સુરજી ડામોર, ડી.એલ.એસ.એસ. પ્રોજેક્ટ હેડ રજનીશ સિન્હા, પ્રગ્રામ મેનેજર અને ભારતીય ફેન્સીંગ ટીમના કોચ ભરતજી ઠાકોર પ્રોગ્રામ મેનેજર ચંદ્રેશ વાઘેલા અને આધારે મોરે તથા ડી.એલ.એસ.એસ. યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮થી પસંદ થયેલ ૯ શાળાઓના ટ્રસ્ટી, આચાર્ય અને પ્રતિનિધિઓ તેમજ ૩૦૦ જેટલા ખેલાડીઓ અને તેટલી જ સંખ્યામાં તેઓના વાલીઓ અને વ્યાયામ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડી.એલ.એસ.એસ. પ્રોજેક્ટ હેડ રજનીશ સિંન્હાએ ઉપસ્થિત મહાનુભાવોનો પરીચય કરાવી તેઓનું સ્વાગત કર્યું હતું. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવ ડી.ડી. કાપડીયાએ જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના વિશે માહિતી આપી હતી તેમજ યોજનામાં પસંદગી પામેલ ખેલાડીઓએ મેળવેલ સિદ્ધિઓથી ઉપસ્થિત સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ પ્રોગ્રામ મેનેજર અને ભારતીય ફેન્સીંગ ટીમના કોચ ભરતજી ઠાકોર દ્વારા શાળાઓનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ તે દરમ્યાન ઉપસ્થિત શાળાના પ્રતિનિધિઓએ પોતાની સંલગ્ન શાળાની માહિતી ખેલાડીઓ અને તેઓના વાલીઓને આપેલ. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ સંદિપ પ્રધાન પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવેલ કે જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ એ એક એવી અનન્ય યોજના છે જેમાં શિક્ષણની સાથે રમતનો સમન્વય કરી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરે તે માટે તૈયાર કરવામાં આવે છે. તેઓએ વિશએષમાં જણાવેલ કે વર્ષ ૨૦૧૩માં તે સમયના મુખ્યમંત્રી અને હાલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાનો વિચાર રજુ કર્યો હતો અને તેઓના માર્ગદર્શન હેઠળ આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત પ્રવેશ મેળવનાર ખેલાડીઓને વિના મુલ્યે શિક્ષણ નિવાસ, ભોજન, પુસ્તકો-સ્ટેશનરી, શાળાનો ગણવેશ, સ્ટાઈપેન્ડ, સ્પોર્ટસ કીટ, નિષ્ણાંત કોચીંગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ, રમતના સાધનો અને સ્પર્ધામાં ભાગ લેવાનો ખર્ચ જેવા લાભો આપવામાં આવે છે. પ્રવેશ મેળવવા માટે ઉપસ્થિત રહેલ ખેલાડીઓની પસંદગી ખેલ મહાકુંભની તાલુકા અને ઝોન કક્ષાની સ્પર્ધાઓમાંથી કરવામાં આવી હતી ત્યાર બાદ જિલ્લા અને રાજ્ય કક્ષાએ શારીરિક ક્ષમતા કસોટીઓ લઈ તારવણી કરી મેરીટના આધારે ખેલાડીઓને જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ માટે પસંદગી કરવામાં આવી હતી.

## શહેરમાં ભાવનગરના દિવ્યાંગ બાળકો દ્વારા ભજનાંવલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

કલા ગુર્જરી, જુનિયર સિટીઝન કાઉન્સીલ અને અનંતહર્ષ ભગવાનદાસ મેમો. ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સ્વ. ચિ. અનંત અને સ્વ. હર્ષદની પુણ્યતિથિએ તા.૨૨ મે ને સોમવારના રોજ અંતિમધામ સેકટર-૩૦ ખાતે સાંજના ૭.૩૦ થી ૧૦ કલાક દરમિયાન ભાવનગરની કૃષ્ણકુમાર સિંહજી અંધશાળાના દિવ્યાંગ કલાકારો દ્વારા ભજનોની સુંદર પ્રસ્તુતી કરવામાં આવશે. આ ભજનના કાર્યક્રમ પ્રસંગે કૃણાલ શાસ્રીજી ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના દિવ્યાંગ બાળકોને ખાસ ઉપસ્થિત રહેવા વેસ્ટર્ન એગ્રો સીડસના એન.પી. પટેલ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉપરાંત શહેરના સૌ નગરજનોને ભજન તેમજ પ્રસાદનો લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જુસીકાના ૧૮મા વર્ષ નિમિત્તે નવી એમ્બ્યુલન્સનું લોકાર્પણ

જુનિયર સિટીઝન કાઉન્સિલે તા. ૧૯મીમેના રોજ ૧૭ વર્ષ પુરા કરી ૧૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. સંસ્થાના ૧૭ વર્ષની સેવાના ભગીરથ કાર્યમાં ગાંધીનગરના નામી અનામી દાતાઓ, સહભાગી સંસ્થાઓ નગરજનોનો સાથ સહકાર સાંપડેલ છે. જે બદલ સંસ્થા સર્વેનો આભાર વ્યકત કરે છે. સંસ્થાના સેવાભાવી કર્મચારી અશોકભાઈ સોમાણી (ઉમરાળાવાળા)ના વરદ હસ્તે નવી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરેલ છે. સંસ્થાએ નવી એમ્બ્યુલન્સ ગાંધીનગરની જનતાના સેવા અર્થે સંસ્થાના સ્થાપના દિને અર્પણ કરેલ છે. સંસ્થાની દરેક સેવા ૨૪ કલાક નગરજનોને મળતી રહે છે. તે ઉપરાંત સંસ્થા દ્વારા આરોગ્ય સુરક્ષાના સાધનો એસબીઆઈ બેંકના દાન દ્વારા ખરીદી કરી વધારો કરેલ છે. જેની સેવા પણ નગરજનોને સતત મળતી રહેશે.

## લૂ-લાગતા બેભાન બનેલા પક્ષીઓની મુક્તિધામ ખાતે સેવા ચાકરી

### ચામાચિડીયા, કબૂતર, પોપટ, ચકલી, વિદેશી પક્ષીઓ ઉપરાંત બે બિલાડીના બચ્ચાની પણ માવજત કરાઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સે. ૩૦માં આવેલ મુક્તિધામ સ્મશાન ખાતે કાળઝાળ ગરમીમાં લૂ લાગવાથી બિમાર પડેલા પક્ષીઓની અવિરત સેવાઓ ચાલી રહી છે. ગાંધીનગરની અત્યંત ધોમધખતી ગરમીમાં ચામાચિડિયા, ચકલી, પોપટ સહિત અન્ય પશુ-પક્ષીઓ લૂ લાગવાનો ભોગ બની રહ્યા છે. આ પક્ષીઓની સારવાર સાથે સંભાળ મુક્તિધામ ખાતે લેવામાં આવી રહી છે.



પાટનગરમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર કરી ગયો છે. અને રાજ્યના સૌથી ગરમ શહેરોમાં મોખરે સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ઉનાળાની આ બળબળતી અગનજ્વાળાઓનો માનવીઓ ભોગ બની રહ્યાં છે. ત્યારે અબોલ પશુ-પક્ષીઓની હાલત તો વધુ ગંભીર બને એમાં શંકાને સ્થાન નથી. આકાશમાંથી વરસતા અગનગોળાને કારણે અનેક ચામાચિડિયાં, દેશી ચકલીઓ, પોપટ, કબૂતર જેવા પક્ષીઓને લૂ લાગવાથી બેભાન થઈને ઝાડ પરથી પડી જવાના બનાવો બની રહ્યાં છે. મુક્તિધામ વનરાજી ધરાવતુ સ્થળ હોવાથી અહીં પંખીઓનો મોટા પ્રમાણમાં નિવાસ છે. આ પક્ષીઓમાં લૂ લાગવાનો શિકાર બનેલા ૧૭ કબૂતર, ૨ પોપટ, દેશી ચકલીઓ, ચામાચિડિયા, મુક્તિધામના પક્ષીગૃહના વિદેશી પક્ષીઓ વગેરે સહિત બે બિલાડીના બચ્ચાંની પણ સારવાર ચાલી રહી છે. સારવારમાં આ પશુ-પક્ષીઓને ઠંડકવાળી જગ્યામાં રાખી સતત પાણીનો છંટકાવ કરવા સાથે પૌષ્ટિક આહાર પુરો પાડવામાં આવી રહ્યો છે. આ સમગ્ર સેવાયજ્ઞમાં જુસિકા અગ્રણી જીલુભા ધાંધલના સહિત અન્ય સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યાં છે. આ ટીમની સેવાનો કારણે મુક્તિધામ પક્ષીઓ માટે સાચા અર્થમાં શાંતિ અને ઠંડક પહોંચાડતુ ઈશ્વરીય સ્થળ બનવા પામ્યું છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... તમે ફુડ અને ડ્રગનાં મામલાથી અમારો બરફ ચેક ન કરશો... અમારો બરફ લોકો નહાવાનાં પાણીમાં નાખવા લઈ જાય છે...

## કલોલ તાલુકાની દૂધ મંડળીઓને મધુરડેરી સાથે સમાવવા ઉગ્ર રજુઆત

કલોલ, તા. ૨૦

કલોલ તાલુકાના દૂધ ઉત્પાદન અને વેચાણ કરી ખેતીમાંથી રોજી-રોટી રળતા પશુપાલકો અત્યારે દૂધના વ્યવસાયથી નભે છે. કલોલ તાલુકામાં દૂધ ઉત્પાદન અને વેચાણથી કામગીરી કરવા માટે મહેસાણા જિલ્લા દૂધ સંઘ કામગીરી સાથે સંકળાયેલ છે. ગાંધીનગર જિલ્લો શરૂઆતથી જુદો પડ્યો ત્યારથી કલોલ તાલુકો ગાંધીનગર જિલ્લામાં જોડાયેલો છે. તેમ છતાં વહીવટી બદલાવ સાથે મધૂર ડેરી એટલે કે ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘે કલોલ તાલુકાનું દૂધ નહિ લઈને પશુપાલકોને ખુબ અન્યાય કરેલ છે.

ગાંધીનગર જિલ્લા દૂધ સંઘના ભાવ અને વર્ષાંતે ચુકવાતો ભાવફેર અને અન્ય કરતા ઊંચો રહેલ છે. જેથી ઘણીવાર રજૂઆતો કરી હોવા છતાં મધુર ડેરી કલોલ તાલુકાનું દૂધ ઉત્પાદકો પાસેથી દૂધ લેતા નથી.

અત્યારે ખુબજ મહેનત રજુઆતોથી માંગણી ધ્યાને લઈને સરકારી ભલામણોથી મધુરડેરીએ કલોલ તાલુકાનુ દૂધ લેવા માટે વિચારણા કરી રહેલ છે.

રજિસ્ટ્રાર, સહકારમંત્રી, સહકાર વિભાગ તેમજ લેખિત મૌખિક રજૂઆતો કરેલ છે. પરંતુ કલોલ તાલુકાની સ્થાપિત હિત ધરાવતા કેટલાક લોકો સિવાય તમામ લોકો મધુરડેરી સાથે જોડાવવા તૈયાર છે. જો મધુર ડેરી કલોલ તાલુકાનું દૂધ નહિ લે તો પશુપાલકો અસહકાર આંદોલન કરશે. તેવી રજૂઆત કલોલ તાલુકાની ૩૨ દૂધ મંડળીઓએ માંગણી કરેલ છે.

## જેસીઆઈ ગાંધીનગર દ્વારા બાળકો માટે માઈન્ડ પાવર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

જેસીઆઈ ગાંધીનગર દ્વારા બાળકો માટે બે દિવસીય માઈન્ડ પાવર વર્કશોપનું આયોજન કર્યું હતું. આ વર્કશોપમાં દર્શન મહેતા દ્વારા બાળકોને માઈન્ડ પાવર અને મીડ બ્રેઈનની વિવિધ પ્રવૃતિઓ શીખવાડવામાં આવી હતી.આ વર્કશોપમાં બાળકો મોટીસંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.



વેકેશનના પ્રારંભથી જ જાણે શહેરમાં સમર કેમ્પોની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. વિવિધ સંસ્થાઓ દ્વારા બાળકોમાં રહેલી આંતરીક શકિત ખીલે અને બાળકો અભ્યાસીય પ્રવૃતિથી દુર રહીને વેકેશનનો સદઉપયોગ કરે તેવા ઉમદા હેતુંથી વિવિધ સંસ્થાઓ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.જેને પગલે જેસીઆઈ ગાંધીનગર દ્વારા પણ બે દિવસ માટે માઈન્ડ પાવર અને મીડ બ્રેઈન વર્કશોપનું આયોજન કરાયું હતું.

જેમાં ટ્રેનર દર્શન મહેતા દ્વારા માઈન્ડ પાવર અને મીડ બ્રેઈન એકટીવેશન માટે વિવિધ પ્રવૃતિઓ જેવી કે ઓબ્સરવેશન પાવર, મેમરી ટેકનીક, ક્રિએટીવ થીંકીંગ,આઈ જીમ, બ્રેઈન જીમ, ડાન્સ, મેડીટેશન કરાવી બાળકોને મગજ જાગૃત કરવામાં આવ્યું હતું. જેને પગલે બાળકો આંખ બંધ કરીને પણ વાંચન કરી શકે છે, કલર ઓળખી શકે છે સહિત કેટલા રૂપીયાની નોટ છે તે પણ સરળતાથી પારખી શકે છે. આ વર્કશોપને સફળ બનાવવા માટે સૌ જેસીઆઈના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## વાયબ્રન્ટ સમીટના પડતર પ્રશ્નના નિકાલ માટે મોનીટરીંગ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

તા. ૧૮/૫/૨૦૧૭ના રોજ જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ઈલેકટ્રોનીકસ ઝોન, જીઆઈડીસી, - ગેજીયા ખાતે જિલ્લા કક્ષાની મોનીટરીંગ કમિટિની બેઠક મળેલ. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ઈવેન્ટ સમિટ – ૨૦૧૭ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં લાર્જ સેકટર ક્ષેત્રે નોંધાયેલ ઔદ્યોગિક ઈરાદાપત્રો વાળા પ્રોજેકટનાં પ્રતિનિધિશ્રીઓ સાથે પ્રોજેકટની પ્રગતિ વિષયક સમીક્ષા કરવામાં આવી હતી.

આ મોનીટરીંગ કમિટિની બેઠકમાં પ્રોજેકટનાં પ્રતિનિધિશ્રીઓ દ્વારા જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલને પ્રોસેસમાં હોય તેવા પડતર પશ્નો રજુ કરવામાં આવેલ. જેના અનુસંધાનમાં પડતર પશ્નોના નિકાલની ખાતરી આપી હતી. જે નાથી પ્રોજેકટનાં પ્રતિનિધિશ્રીઓએ ખુશી વ્યકત કરી હતી અને સરકારશ્રીની નિતીઓને સમર્થન આપેલ તેમજ જિલ્લા કક્ષાની મોનીટરીંગ કમિટિની બેઠક કરવા બદલ, સંતોષકારક સહકાર આપવા અંગે આભારની લાગણી વ્યકત કરી હતી.

## પેથાપુરમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર નગરપાલિકાના સેવાસેતુ કાર્યક્રમમાં ૧૬૨૨ જેટલી અરજીઓનો નિકાલ કરાયો હતો. જેમાં આવકના દાખલાની ૭૫ અરજીઓ, રેશનકાર્ડને લગતી ૬૫ અરજીઓ, આધારકાર્ડને લગતી ૬૪ અરજીઓ, પ્રોપર્ટી ટેક્ષને લગતી ૧૩૭ અરજીઓ, જન્મ મરણને લગતી ૧૭ અરજીઓ, જનધન યોજનાને લગતી ૨૭૦ અરજીઓ તથા અન્ય ૧૦૦૪ રજુઆતો મળી કુલ ૧૬૨૨ જેટલી અરજીઓ અન્વયે ૧૬૨૨ અરજીઓનો હકારાત્મક ઉકેલ કરવામાં આવ્યો છે. પેથાપુર ઠાકોર સાહેબશ્રીની હવેલી ખાતે યોજાયેલ વોર્ડ નં. ૧ થી ૬ના સેવા સેતુ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ, નગરપાલિકા પ્રમુખ રણજીતસિંહ વાઘેલા, નગરપાલિકા ચીફ ઓફિસર એચ.પી. વાલેરા, કારોબારી ચેરમેન મનિષભાઈ પટેલ તથા નગરપાલિકાના કાઉન્સીલરો તથા નાગરિકો હાજર રહ્યા હતા.




## આજે પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથી આજે ઉજવાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથી નિમિત્તે આવતીકાલે તા. ૨૧મી મેના રોજ પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આધુનિક ભારતના શિલ્પી, ભારત રત્ન એવા દિવંગત વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીએ દેશની એકતા અને અખંડિતતા કાજે જાન ન્યોછાવર કરી શહીદી વહોરી વિશ્વને નવી જ રાહ ચિંધનારા ભારત વર્ષના વડાપ્રધાને દેશમાં પંચાયતી રાજ પ્રણાલિકાને મજબૂત બનાવી પ્રજાને સત્તા સુપ્રત (Power to the People) કરી હતી.

૨૧ મેના દિવસને ભારત વર્ષના પ્રજાજનો "સદભાવના" દિવસ તરીકે મનાવે છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સમગ્ર દેશમાં અનેકવિધ સેવાકીય કાર્યક્રમો યોજાય છે. ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આ અવસરે સવારે ૯:૩૦ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, સેક્ટર-૨૨ ખાતે સ્વ. રાજીવજીને પૂષ્પાંજલિ અર્પવામાં આવશે ત્યારબાદ ૧૦:૩૦ કલાકે ઘ-૫ સર્કલ, ગાંધીનગર ખાતે છાશ વિતરણ કાર્યક્રમ કરવામાં આવશે.

**જાહેર નોટીસ**

**કામચલાઉ પુનઃરચના યોજના નં.૧ (દહેગામ)**

હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર રચના યોજના નં. ૧ (દહેગામ) આ નોટીસથી જણાવું છું કે, નગર રચના યોજના નં. ૧ (દહેગામ)ની હદમાં સમાવેશ કરવામાં આવેલ જમીનોના જમીન માલિકોને તથા હિત સંબંધ ધરાવતી તમામ વ્યક્તિઓને પ્રાપ્ત સરનામાને આધારે કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્તો અંગેની તથા સદર યોજનાને આખરી કરવા વાંધાસૂચનો સ્વીકારવા વ્યક્તિગત જરૂરી નોટીસો બજાવવામાં આવેલ છે. પરંતુ કોઈ જમીન માલિક કે હિત સંબંધ ધરાવતી વ્યક્તિને ઉપરોક્ત નોટીસો પુરતા સરનામાના અભાવે અથવા કોઈ અન્ય કારણોસર મળેલ ન હોય તો, પ્રાથમિક પુરાવા સાથે લેખિત વાંધા સૂચનો આ કચેરીને નીચે દર્શાવેલ સરનામે દિન-૧૦માં રજુ કરવાથી તે અંગે યોગ્ય તે વિચારણા કરવામાં આવશે. આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં કોઈ રજૂઆત કરવામાં આવશે નહી તો, અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીનમાલિકોને કે હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે અને પાછળથી કોઈ વાંધો માન્ય રહેશે નહીં. જેની નોંધ લેવા વિનંતી છે.

સરનામું :
નગર રચના અધિકારીની કચેરી,
નં.૨, યોજનાઓ એકમ-૧૭,
૪૦૩+૪૦૪, ચોથો માળ,
શ્યામજી કૃષ્ણ વર્મા રમતગમત-
સાંસ્કૃતિક અને વાણિજ્ય ભવન,
ન્યુ કલોટ માર્કેટની સામે, રાયપુર દરવાજા, અમદાવાદ-૨

સહી/-
(આર. એલ. પટેલ)
નગર રચના અધિકારી
નગર રચના યોજનાઓ, એકમ-૧૭
અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૩૦૪/૨૦૧૭-૧૮

**કામધેનુ યુનિવર્સિટી**

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત યુનિવર્સિટી)
કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી૧, ૪થો માળ,
સેક્ટર-૧૦એ, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૬૫૭૨૧૮૧૮

**પી.જી. હોસ્ટેલની સગવડ પૂરી પાડવા ઈચ્છુક પાર્ટીઓ જોગ**

કામધેનુ યુનિવર્સિટીને ગાંધીનગર ખાતે આશરે ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ માટે સ્વતંત્ર અને માત્ર કામધેનુ યુનિવર્સિટીના જ પી.જી.ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલાયદી હોસ્ટેલની જરૂરીયાત છે. ઈચ્છુક પાર્ટી પાસે ઓછામાં ઓછા ૩૦ થી ૪૦ રૂમો વિથ એટેચ અથવા કોમન ટોઈલેટ, રીક્રીએશન રૂમ, કોમન કિચન વિથ ડાઈનીંગ હૉલ હોવા જરૂરી છે. રસ ધરાવતી પાર્ટીએ કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ www.ku-guj.org. ઉપરથી શરતો અને ભાવપત્રક ડાઉનલોડ કરી તેઓની દરખાસ્ત બંધ કવરમાં ઉપરોક્ત તમામ સગવડો વિદ્યાર્થી દીઠ કેટલો માસિક ચાર્જ લેવામાં આવશે તે દર્શાવી ઉપરોક્ત સરનામે તા. ૯/૬/૨૦૧૭ સુધીમાં રજીસ્ટર પો.એ.ડી.થી મોકલી આપવી. અત્રેની કચેરી ખાતે મળેલી દરખાસ્તો તા. ૧૩/૬/૨૦૧૭ના રોજ ખોલવામાં આવશે. મળેલી તમામ દરખાસ્તોનાં સ્થળોની રૂબરૂ મુલાકાત બાદ જ આખરી નિર્ણય લેવામાં આવશે. પાર્ટીએ રજુ કરેલ દરખાસ્ત મંજુર કરવાની કે નામંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

કાર્યપાલક ઈજનેર
કામધેનુ યુનિવર્સિટી

માહિતી/૫૧૪/૧૭-૧૮

KALPA-TARU®

**KALPATARU POWER TRANSMISSION LTD.**

Regd. Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector-28, Gandhinagar - 382 028.
Tel. : +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E-Mail : mktg@kalpatarupower.com
CIN : L40100GJ1981PLC004281

**EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER & YEAR ENDED 31ST MARCH 2017**

(₹ in Lakhs)

| Particulars | Standalone | | | | Consolidated | |
|---|---|---|---|---|---|---|
| | Quarter Ended (Unaudited) | | Year ended (Audited) | | Year ended (Audited) | |
| | 31.03.2017 | 31.03.2016 | 31.03.2017 | 31.03.2016 | 31.03.2017 | 31.03.2016 |
| Total Income from Operations | 1,52,254 | 1,35,715 | 5,01,074 | 4,40,880 | 7,62,915 | 7,29,174 |
| Net Profit for the period before tax | 12,840 | 10,170 | 40,258 | 29,571 | 29,480 | 17,125 |
| Net Profit for the period after tax (after extraordinary items) | 8,960 | 6,562 | 26,908 | 19,243 | 15,730 | 7,581 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 8,180 | 8,248 | 26,381 | 19,936 | 14,379 | 8,239 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (before and after extraordinary items) | | | | | | |
| a) Basic | 5.84 | 4.28 | 17.54 | 12.54 | 10.25 | 4.94 |
| b) Diluted | 5.84 | 4.28 | 17.54 | 12.54 | 10.25 | 4.94 |

Notes :
1. The above is an extract of the detailed format of quarterly and annual financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchange websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2. The Company has adopted Indian Accounting Standards (Ind AS) from April 01, 2016 with transition date as April 01, 2015. The figures for the quarter and year ended March 31, 2016 are also in compliance with Ind AS.
3. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on May 19, 2017. The Statutory Auditors of the Company have conducted audit of these financial in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
4. The Board of Directors has recommended a dividend of ₹2 per equity share of ₹2 each of the company for the financial year 2016-17.
5. The previous period's/year's figures have been regrouped / rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors
KALPATARU POWER TRANSMISSION LTD.
Manish Mohnot
Managing Director & CEO
(DIN : 01229696)

Place : Mumbai
Dated : 19.05.2017

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.